| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | ૪૫.૦° સે. | ૨૮.૦° સે. |
| ગાંધીનગર | ૪૫.૦° સે. | ૨૭.૦° સે. |
| ભાવનગર | ૪૪.૦° સે. | ૨૮.૦° સે. |
| રાજકોટ | ૪૬.૦° સે. | ૨૪.૦° સે. |

# ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમિત્ર | ગુજરાતમિત્ર




**રાજકોટ - સુરેન્દ્રનગર-મોરબી અને કચ્છમાં 48 કલાક માટેનું હિટવેવનું યલો એલર્ટ જાહેર કરાયુ**

# ગુજરાતના કંડલા એરપોર્ટ પર તાપમાન 46 ડિગ્રી નોંધાયું

**ભૂજ** - રાજકોટ અને સુરેન્દ્રનગર 44 ડિગ્રી ગરમીમાં શેકાયા



ગાંધીનગર : ગુજરાતમાં હવે ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે, ખાસ કરીને આજે દિવસ દરમિયાન કંડલા એરપોર્ટ પર ગરમીનો પારો 46 ડિગ્રીએ પહોંચી ગયો હતો. કચ્છમાં આજે ગરમીના પ્રકોપના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. હજુયે આગામી 48 કલાક માટે હવામાન વિભાગ દ્વારા હિટવેવનુ યલો એલર્ટ જાહેર કરી દેવા આવ્યુ છે.

હવમાન વિભાગના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે રાજય આગામી 48 કલાક દરમિયાન રાજકોટ , સુરેન્દ્રનગર , મોરબી અને કચ્છમા હિટવેવનું યલો એલર્ટ આપવામાં આવ્યુ છે. આગામી તા.1 લી મે સુધી આ હિટ વેવની ચેતવણીવાળા જિલ્લાઓમાં ગરમીનો પારો 40થી 45 ડિગ્રીની આસપાસ રહેશે. આ ઉપરાંત આગામી તા.1લી મે સુધી રાજય દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર - કચ્છના દરિયાકાંઠા વિસ્તાર ગરમ અને ભેજયુક્ત હવામાનની આગાહી કરાઈ છે. એકંદરે આગામી પાંચ દિવસ દરમિયા રાજય ગરમીનો પારો વધીને 45 ડિગ્રી સુધી પહોંચી જાય તેવી વકી છે.

આકરી ગરમીના કારણે રાજય જનજીવનને અસર થવા પામી છે. સવારે 12થી સાંજના 5 કલાક સુધી મહાનગરો આંતરિક ટ્રાફિક નહીંવત જોવા મળી રહ્યો છે. લોકો કામ વગર બહાર જવાનું ટાળી રહ્યાં છે. સાંજે છ વાગ્યે બાગ બગીચાઓ બાળકોની ભીડ જોવા મળી રહી છે.

**જુદા જુદા શહેરનું તાપમાન**

| | |
|---|---|
| અમદાવાદ | 42 ડિ.સે. |
| ડીસા | 42 ડિ.સે. |
| ગાંધીનગર | 41 ડિ.સે. |
| વિદ્યાનગર | 40 ડિ.સે. |
| વડોદરા | 40 ડિ.સે. |
| સુરત | 34 ડિ.સે. |
| ભૂજ | 44 ડિ.સે. |
| નલિયા | 38 ડિ.સે. |
| કંડલા પોર્ટ | 37 ડિ.સે. |
| કંડલા એરપોર્ટ | 46 ડિ.સે. |
| અમરેલી | 43 ડિ.સે. |
| ભાવનગર | 37 ડિ.સે. |
| રાજકોટ | 44 ડિ.સે. |
| સુરેન્દ્રનગર | 44 ડિ.સે. |
| મહુવા | 37 ડિ.સે. |
| કેશોદ | 39 ડિ.સે. |

# જાફરાબાદનો રેવન્યુ મંત્રી 10 હજારની લાંચ લેતા ઝડપાયો

**અમરેલી** એસીબીએ ટીંબીમાંથી રંગેહાથ ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી



રાજકોટ : જાફરાબાદની મામલતદાર કચેરીના રેવન્યુ મંત્રીને અમરેલી એસીબીએ આજે જમીનના ખાતા અલગ અલગ કરવાના કામ માટે રૂપિયા 10 હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો હતો.

લાંચનુ આ છટકુ અમરેલી એસીબી દ્વારા ગોઠવવામા આવ્યુ હતુ. જેમા ફરિયાદી ખેડૂતે જમીનનુ એકત્રિકરણ કરીને જમીનના ખાતાઓ અલગ અલગ કરવા માટે અહીની મામલતદાર કચેરીના રેવન્યુ મંત્રી પ્રવિણ કેશુભાઇ માયડાનો સંપર્ક કર્યો હતો.

જમીનના ખાતાઓ અલગ અલગ કરી આપવા માટે પ્રવિણ માયડાએ રૂપિયા 10 હજારની લાંચની માંગણી કરી હતી. ફરિયાદીને આ રકમ આપવી ન હોય એસીબીના ટોલ ફ્રી નંબર પર સંપર્ક કર્યો હતો. જેને પગલે અમરેલીના ઇન્ચાર્જ એસીબી પીઆઇ આર.ડી.સગર દ્વારા છટકુ ગોઠવવામા આવ્યુ હતુ. આજે જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે ભાડા ચાર રસ્તા ખાતે આવી આ રકમ આપવાનો વાયદો હતો. રેવન્યુ મંત્રીએ છટકાના સ્થળે જ લાંચ અંગે વાતચીત કરી રૂપિયા 10 હજારની લાંચ રોકડ સ્વરૂપે સ્વીકારતા એસીબીએ આ શખ્સને રંગેહાથ ઝડપી લીધો હતો.

# ભાવનગર જિલ્લામાં 1400 શંકાસ્પદ લોકોની તપાસમાં પોલીસને એકપણ ઘુસણખોર ન મળ્યો

**શહેરના** કું.વાડા ઉપરાંત અલંગ-તળાજા, મહુવામાં પણ ચેકિંગ



રાજકોટ : જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકારના આદેશથી ભાવનગર સહિત સમગ્ર ગુજરાતમાં ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશી સહિતના વિદેશી ઘુસણખોરોને ઝડપી પાડવા 'ઓપરેશન ઘુસણખોર' શિર્ષક તળે ભાવનગર પોલીસે સ્પેશયલ ઓપરેશન ગ્રુપના નેતૃત્વ નીચે ૨૦૦થી વધુ કર્મચારીઓ અને અધિકારીઓની અલગ-અલગ ટીમો બનાવી ગત શનિવારે શહેરના છેવાડે આવેલાં વિવિધ વસ્તારોમાં વિશેષ ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં પ્રથમ દિવસે ૬૦૦ લોકોના આધાર-પુરાવાની તપાસ કરવામાં આવી હતી. જો કે, પ્રથમ દિવસે એકપણ શંકાસ્પદ નાગરિક મળી આવ્ય ન હતો દરમિયાનમાં આજે સતત બીજા દિવસે પણ પોલીસના મસમોટા કાફલાએ ભાવનગર શહેરના કુંભારવાડાના અમુક વિસ્તારો ઉપરાંત, જિલ્લાના તળાજા, અલંગ ગામ તથા અલંગ શિપ યાર્ડમાં આવેલી મજુર કોલોની, મહુવામાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશી સહિતના વિદેશી ઘુસણખોરોને શોધવા ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં આજે દિવસના અંતે કુલ ૯૦૦ શંકાસ્પદ અને પરપ્રાંતિય લોકોના ડોક્યુમેન્ટની ચકાસણી કરવામાં આવી હતી. જો કે આજે સતત બીજા દિવસે પણ ચેકિંગ દરમિયાન પોલીસને કોઈ શંકાસ્પદ નાગરિક મળ્યો ન હોવાનું સતાવાર સૂત્રોએ વિગત આપતાં જણાવ્યું હતું આમ, ભાવનગર પોલીસ દ્વારા શહેર અને જિલ્લામાં ગત શનિવાર અને આજે રવિવાર એમ બે દિવસ દરમિયાન ભાવનગર ડિવિઝનના ૧૨ વિસ્તારો, પાલિતાણા ડિવિઝનના ૮ વિસ્તારો અને મહુવા ડિવિઝનના ૬ વિસ્તારો મળી કુલ ૨૬ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધરી કુલ ૧૫૦૦ શંકાસ્પદ લોકોના ડોક્યુમેન્ટની ચકાસણી કરવામાં આવી હતી, જો કે, ૧૫૦૦ પૈકી ૧૦૦ લોકોના ડોક્યુમેન્ટસમાં પોલીસને શંકા જાગી હતી. જેના પગલે તેમનારહેઠાણના પુરાવાથી લઈ વિવિધ ડોક્યુમેન્ટસની ખરાઇ હાથ ધરી છે. જેમાં પણ બીજા દિવસે પોલીસને કોઈ ફળદાયી પરિણામ મળ્યું ન હતું. જો કે, તમામની ખરાઇ બાદ તેના આધારે કાર્યવાહી થશે. તેમ જિલ્લા પોલીસ વડાએ વિગતો આપતાં જણાવ્યું હતું. આગામી દિવસોમાં પણ ગેરકાયદેસર વસતા ઘુસણખોરોને ઝડપી પાડવા પોલીસ દ્વારા આવી રીતે ચેકિંગ હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

# ધાતરવાડી ડેમમાંથી નવી પાઈપલાઈનનું કામ અટકતાં રાજુલા-જાફરાબાદ રોષ

**નવી** પાઇપલાઇનની કામગીરી કેટલાક ખેડૂતોના વિરોધના કારણે અટકી ગઇ છે



રાજકોટ : અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદમાં પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. ધાતરવડી ડેમ-1માંથી બંને નગરપાલિકાઓની જૂની જી.યુ.ડી.સી. હસ્તકની પાઈપલાઈન જર્જરિત થઈ ગઈ છે. ધારાસભ્યની રજૂઆત બાદ નવી પાઈપલાઈન માટે મંજૂરી મળી હતી. જોકે, કેટલાક ખેડૂતોના વિરોધને કારણે કામગીરી અટકી પડી છે.

આ મુદ્દે રાજુલા અને જાફરાબાદ નગરપાલિકાની ટીમે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું છે. બંને શહેરના ચેમ્બર ઓફ કોમર્સના વેપારીઓ સહિત મોટી સંખ્યામાં લોકોએ રેલી યોજી હતી. તેમણે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવા માટે આવેદનપત્ર પાઠવ્યું છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે જો ઉનાળા પહેલાં નવી પાઈપલાઈન નહીં નંખાય તો પાણીની ગંભીર સમસ્યા સર્જાશે. નવી પાઈપલાઈન નંખાય તો ધાતરવડી ડેમ-1માંથી સીધું પાણી રાજુલા પહોંચશે. નગરપાલિકાએ વિસ્તાર પ્રમાણે પાણીના સંપ બનાવ્યા છે, જેમાં પાણી સંગ્રહ કરી શકાશે. આ નવી પાઈપલાઈનથી પાણીની કાયમી સમસ્યાનું નિરાકરણ આવશે.

નગરપાલિકા પ્રમુખ મયુરભાઈ દવેએ જણાવ્યું કે, રાજુલા શહેરમાં પાણીની ભૂતકાળમાં મોટી સમસ્યા હતી પીવાના પાણી માટે જનતા હેરાન થતી તેની માટે અમારા ધારાસભ્ય અને અમારી પાલિકા ટીમે આયોજન પાણી માટે કર્યું છે, સંપ પણ બનાવવામાં આવ્યા છે. પાઈપ લાઈનનું કામ ઝડપથી કરવામાં આવે તો પાણીનો પ્રશ્ન રાજુલામાં કાયમી હલ થશે પીવાનો પાણીનો હક તો રાજુલા શહેર નહીં પણ ભારત દેશની અંદર બંધારણની અંદર હક છે 13 ગામના ખેડૂતને કોઈને તકલીફ પડે તેવું કોઈ અમારે કામ નથી કરવાનું રાજુલા શહેરમાં આજે પાણીના પ્રશ્ને સહકાર આપશો તો અમે આભાર માનીશુ અને તેનું ઋણ સ્વીકારીશું.

# અમદાવાદના ચંડોળા તળાવ ખાતે રહેતા બાંગ્લાદેશીઓના ગેરકાયદેસર વીજ કનેક્શનનો કપાયા

**બે દિવસ** પહેલા આ વિસ્તારમાંથી જ 800થી વધુ બાંગ્લાદેશીની અટકાયત કરવામાં આવી છે

અમદાવાદ : જમ્મુ કાશ્મીરના પહેલગાવમાં થયેલા આતંકી હુમલાબાદ ગુજરાતના ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને હાંકી કાઢવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

જેના ભાગરૂપે અમદાવાદ શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ ઉપર કાર્યવાહી કરવામાં આવી છે. બે દિવસ પહેલા જ ગેરકાયદેસર રહેતા 800થી વધુ બાંગ્લાદેશીઓની અટકાયત કરી તેઓને પરત મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે આજે શહેરના ચંડોળા તળાવ વિસ્તારમાં રહેતા બાંગ્લાદેશીઓના ગેરકાયદેસર વીજ કનેક્શન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

શહેરના ચંડોળા તળાવ વિસ્તાર આસપાસ રહેતા બાંગ્લાદેશીઓના ગેરકાયદેસર વીજ કનેક્શન કાપવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ટોરેન્ટ પાવરની ટીમો પહોંચી હતી, અને ગેરકાયદેસર વીજ જોડાણો કાપી નાખવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરમાં મોટા ભાગે ગેરકાયદેસર રીતે

રહેતા બાંગ્લાદેશીઓને શોધી કાઢવા માટે પોલીસ દ્વારા ખાસ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. બે દિવસ પહેલા પોલીસે ચંડોળા તળાવ વિસ્તાર આસપાસ થી 800 થી વધુ બાંગ્લાદેશીઓની અટકાયત કરી તેઓને દેશ નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જ્યારે આજે બીજી તરફ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ટોરેન્ટ પાવરની ટીમ દ્વારા બાંગ્લાદેશીઓ દ્વારા ગેરકાયદેસર લેવામાં આવેલા વીજ કનેક્શનનો કાપવાની કામગીરી હાથ ધરાઈ હતી. આ તબક્કે શહેર પોલીસ કમિશનર સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ હાજર રહ્યો હતો

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજીત રાજીયાને જણાવ્યું હતું કે અમદાવાદમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને શોધી કાઢવાની કામગીરી ચાલી રહી છે. આજે વધુ 145 બાંગ્લાદેશીઓને ડિપાર્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં 100 થી વધુ ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને ડિપાર્ટ કરવા પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે.

## સુડોકુ ૬૦૨૪ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૮ | ૨ | | | ૬ | | ૪ |
| ૯ | | | | | | | ૭ | |
| | | | ૧ | ૯ | | ૨ | ૩ | |
| | | | ૯ | ૨ | | ૩ | ૮ | ૭ |
| ૮ | ૯ | | | ૧ | ૪ | ૫ | ૨ | |
| | | ૭ | ૬ | ૮ | ૩ | | ૪ | |
| | | ૨ | | ૪ | | ૭ | | |
| | ૮ | | | | | | | |
| ૩ | | | ૫ | ૭ | | ૯ | ૧ | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કાયમી શરદી

સૂંઠ અને ગંઠોડા ચૂર્ણ સરખે ભાગે ભેળવી લો. ઘી અને ગોળ ભેળવી ધીમા તાપે ગરમ કરો અને તેમાં ચૂર્ણ ભેળવી હલાવતા રહેવું. ગોળી વળે તેવું થાય એટલે ઉતારી લઇ વટાણા જેવડી ગોળીઓ કરવી. ઉપર દળેલું જીરું ભભરાવી ગોળીઓ ભરી લો. રોજ સવાર સાંજ બે બે કે ચાર ચાર ગોળી લેવી.

# ફાયરિંગ કેસમાં સાક્ષી વકીલના માથામાં ધારિયું મારનાર પિતા-પુત્ર પકડાયા

**કઠોરમાં** બનેલી ઘટનામાં હુમલાખોર પ્રકાશ મૈસુરિયા વકીલાત કરે છે

**હુમલાનો** ભોગ બનનાર અને તેના પિતા બંને પણ વકીલ છે

સુરતઃ કામરેજમાં નોંધાયેલા હત્યાની કોશિશના કેસમાં સાક્ષી રહેલા નોટરી વકીલ પર કઠોરગામ રામજી મંદિર પાસે મૈસુરીયા પિતા-પુત્રએ અંગત અદાવતમાં ધારિયાથી જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટનામાં ઉત્રાણ પોલીસે હત્યાની કોશિશ તેમજ એટ્રોસિટીનો ગુનો દાખલ કરી બંનેની ધરપકડ કરી છે.

ઉત્રાણ પોલીસમથકની હદમાં આવતા કઠોર ગામ સ્થિત શિવમ પાર્ક સોસાયટીમાં આવેલા સપન બંગલોઝમાં રહેતા ખુશાલભાઈ રણછોડભાઈ સોલંકી કઠોર કોર્ટ ખાતે એડવોકેટ તરીકે પ્રેક્ટિસ કરે છે. તેમના ત્રણ સંતાનો પૈકી મોટો દિકરો સૌરભ વકીલ તેની પત્ની રોશની તથા દિકરી ઉર્જીતા સાથે માનસરોવર એપાર્ટમેન્ટ કામરેજ ટોલનાકા પાસે કઠોરગામ ખાતે રહે છે. ગઈ તારીખ 20 જૂન 2020ના રોજ તેમના અરવિંદભાઈ વલ્લભભાઈ સોલંકી(રહે. ખોલવડ કામરેજ) ઉપર પ્રકાશ કાંતીલાલ મૈસુરીયા (રહે.રાધાકૃષ્ણ સોસાયટી સરકારી દવાખાનાની બાજુમાં કઠોરગામ) દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે અરવિંદભાઈએ કામરેજ પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિશ, એટ્રોસીટી તથા આર્મ્સ એકટ મુજબનો ગુનો આરોપી પ્રકાશ મૈસુરી વિરૂધ્ધ નોંધાવ્યો હતો.આ ગુનામાં સાક્ષી તરીકે એડવોકેટનો પુત્ર સૌરભ છે. આરોપી પ્રકાશ મૈસુરિયા હાલ જામીન મુક્ત છે. કેસ પુરાવા ઉપર ચાલતો હોવાથી આરોપી પ્રકાશ સૌરભને અવાર નવાર સાક્ષીમાંથી હટી જવા અને પોતાની ફેવરમાં સાહેદી આપવા માટે ધમકીઓ આપી રહ્યો હતો. દરમિયાન 26 એપ્રિલ 2025ના રોજ સૌરભ કઠોરગામ રામજી મંદિર પાસેથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે અંગત અદાવતમાં પ્રકાશ મૈસુરીયાએ પુત્ર આયુષ મૈસુરીયા સાથે મળી સૌરભ પર ધારીયા વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. હુમલામાં ઘવાયેલા સૌરભને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવ સંદર્ભે ઉત્રાણ પોલીસે હત્યાની કોશિશ તેમજ એટ્રોસીટીનો ગુનો દાખલ કરી પિતા-પુત્રની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## હુમલામાં મૃત્યુ પામનાર પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ આપવા:ગોહિલવાડ સમસ્ત વાળંદ સમાજ દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમ

રાજકોટ : જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલ નિર્મમ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા વાળંદ સમાજના યતીષભાઈ પરમાર તથા તેના પુત્ર સ્મિતભાઈ પરમારને શ્રદ્ધાંજલિ આપવા ગોહિલવાડ સમસ્ત વાળંદ સમાજ દ્વારા વીરાંજલી-પુષ્પાંજલી કાર્યક્રમ તા.28ને સોમવારે રાત્રે 7:30 કલાકે સેન મહારાજ ચોક ભરતનગર 12 નંબરના બસ સ્ટેન્ડ પાસે ભાવનગર રાખેલ છે. તમામ સમાજના ભાઈઓ, બહેનો, યુવાનોએ ઉપસ્થિત રહેવા જણાવાયું છે. દરમિયાન ભાવનગરની હેર કટીંગ સલૂનની તમામ દુકાનો સાંજે છ વાગ્યા પછી બંધ રહેશે અને કાર્યક્રમમાં જોડાશે. આ કાર્યક્રમ ભાવનગર ઉપરાંત સૌરાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ શહેરો અને ગામોના વાળંદ સમાજના આગેવાનો ઉપસ્થિત રહેશે.

## આજનું પંચાંગ

**તા. 29/04/2025, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** વૈશાખ
**તિથિઃ** સુદઃ બીજઃ 17:33
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ:-09 **યોગઃ** સૌભાગ્ય
**નક્ષત્ર :** કૃતિકાઃ 18:49 **કરણ :** બાવલ
**રાશિ :** વૃષભ (બ,વ,ઉ)
**દિવસ :** અશુભ- પરશુરામ જયંતી
**સુરતમાંસૂર્યોદય:**06:11 **સુરતમાંસૂર્યાસ્ત :**19:01
**નવકારસી :** 06:59
**પારસી વર્ષ :** 1394, આદર માસનો 18મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446 શવ્વાલ માસનો 30મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ):** પારિવારિક ધંધા-વ્યવસાયમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવી શકે છે. સંતાનો બાબતે યોગ્ય નિર્ણય લેવાય.

**વૃષભ (બ,વ,ઉ,):**નોકરી માટેના ઈન્ટરવ્યુમાં સફળતા મળે. તમારા વ્યવહાર અને નવા વિચારોથી લોકો પ્રભાવિત થાય.

**મિથુન (ક,છ,ઘ):** પારીવારિક સમસ્યા પરેશાન કરે. નોકરી-ધંધા માટે પ્રવાસ થાય. વિશ્વાસઘાતથી સાવધાન રહેવું.

**કર્ક (ડ,હ):** મિત્રો સાથે આનંદ-પ્રમોદ થાય. જીવન સાથી સાથે તાલમેળ વધે. સંતાનોનો કામમાં પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ):** નવા કામની શરૂઆત થાય. નવા ફેરફારથી નોકરીમાં રાહત થાય. આવક વધારવાની તક મળે.

**કન્યા (પ,ઠ,ણ):** ઘરમાં નાના સભ્યો તથા બાળકો પર ખાસ ધ્યાન રાખવું. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની તક મળે.

**તુલા (ર,ત):** કોઈની વાતોમાં આવવું નહી. તેમજ વડીલોની સલાહ માનવી, ખાવા-પીવામાં સાવધાની રાખવી.

**વૃશ્ચિક (ન,ય):** કોર્ટ, કચેરી અને સરકારી કામમાં મદદ મળે. જીવનસાથી સાથે વિવાદથી અશાંતિ વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ):** નોકરીમાં સહકાર મળે. આરોગ્ય સુધરે વિજાતિય મિત્રોનો સાથ મળે. લેવડ-દેવડમાં સાવધાન.

**મકર (ખ,જ):** સંતાનોના કામમાં પ્રગતિ થાય. મિત્રો સાથે મનોરંજન થાય. અચાનક પ્રવાસથી અશાંતિ વધે.

**કુંભ (ગ,સ,શ,ષ):** સંપત્તિના સોદા થઈ શકે છે. નોકરીમાં ફેરફારથી રાહત થાય. સમાજમાં માન વધે.

**મીન (દ,ચ,ઝ,થ):** આર્થિક પ્રગતિની તક મળે. ભાડા અને દલાલીની આવક વધે. શુભ સમાચાર મળે.

## કોઈ પણ સાલમાં 29 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થાય. નવી ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવી બચત યોજના બને. નોકરી-ધંધા-વ્યવસાયમાં હરીફો અને સરકારની નીતિની અસર માનસિક રીતે થાય. સમાજમાં પ્રગતિ થાય. ઉમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન, મિલકત, વારસા, જાયદાદ, જમીન વગેરે પ્રશ્નો વર્ષ દરમિયાન સરળતાથી પાર પડતો રહે. સંતાનોના કામમાં મિત્રો મદદરૂપ બને. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. નવા નોકરી-ધંધા-વ્યવસાયમાં વડીલોની મદદ મળે. તેમજ અનુકૂળતાથી ઘરના કામમાં સમય ફાળવી શકાય. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મથી શાતિ મળે. જૂન જુલાઈમાં નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં આરોગ્યનું ધ્યાન રાખવું.

## શબ્દગુંફન - ૬૯૫૫

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ |
| | | ૭ | | | ૮ | | ૯ | | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | ૧૩ | | | |
| | | | ૧૪ | | | | | ૧૫ | |
| ૧૬ | | ૧૭ | | | ૧૮ | | ૧૯ | | |
| | | | | ૨૦ | | ૨૧ | | ૨૨ | |
| ૨૩ | | ૨૪ | | | | ૨૫ | ૨૬ | | |
| | ૨૭ | | | ૨૮ | | ૨૯ | | | 30 |
| | ૩૧ | | | | ૩૨ | 33 | | | |
| ૩૪ | | | | | | | | ૩૫ | |

**આડી ચાવી**
૧. અવગણના, તિરસ્કાર (૫)
૪. પિતાના ભાઈ (૨)
૭. લીન, આસક્ત (૨)
૯. ભપકો, રોફ (3)
૧૦. મનોહર, કોમળ (3)
૧૨.લીન, ડૂબેલું (૪)
૧૪. એક દિવસની મજૂરી (૨)
૧૫. વાણી, બોલી (૨)
૧૬. કમનસીબ (૪)
૧૯. નુકસાન, ઠોકર (૨)
૨૦. મોટાઈ (3)
૨૨. ટેક, આબરૂ (૨)
૨૩. લાગણી, ચીડ, વેર (૨)
૨૪. પારકું, અન્ય (૨)
૨૫. દરિયો, સમુદ્ર (3)
૨૭. ફાયદો, ફત્તેહ (૪)
૨૯. અવાજ, ધ્વનિ (3)
૩૨. જમીન ખોદવાનું ઓજાર (3)
૩૪. ખોટી દાનત (૫)
૩૫. શ્રીકૃષ્ણ (૨)

**ઊભી ચાવી**
૧. પવન, વાયુ (3)
૨. નવાઈ (3)
3. ટેવ, વ્યસન (૨)
૫. કીચડ (3)
૬. રમી રહેલું (૪)
૮. મોરલો, મયૂર (૨)
૧૧. લહેજત, મજા (3)
૧૨. હાથી (૨)
૧૩. એક ઘાસ(૨)
૧૪. રોગવાળું (૨)
૧૫. પૃથ્વીને વીટંળાઈ રહેલું વાયુનું આવરણ (૫)
૧૬. હરિકથા કરનાર (૪)
૧૭. હોંશ, શુદ્ધિ (૨)
૧૮. શ્રીકૃષ્ણ, શ્રી વિષ્ણુ (૨)
૨૦. લીન, ડૂબેલું (3)
૨૧. માસીના પતિ (૨)
૨૪.પારકા પૈસા (૪)
૨૬. ખપ, જરૂર (3)
૨૮. શરીર, દેહ (૨)
30. છળ, પ્રપંચ (3)
૩૧. શરીરની ઊંચાઈ (૨)
33. ફરિયાદ (૨)

# સાડીના કારખાનાઓમાં બાળકો પાસે ૧૨ કલાક કાળી મજૂરી કરાવાઈ છે

**પુણામાં** સાડીના કારખાનામાંથી છ બાળ મજૂરોને પોલીસે ઉગારી લીધા

સુરત : પુણાગામ પોલીસે બે અલગ અલગ ઘરોમાં રેઈડ કરી હતી. અહીં બાળમજૂરો પાસે કામ કરાવવામાં આવતું હતું. અહીંથી પોલીસે છ બાળમજૂરોને મુક્ત કરાવ્યા હતાં.

પુણાગામ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં બાળ મજુરી લગતી પ્રવૃતિ ચાલે છે કે નહીં? તેની જાણકારી મેળવવા માટે પીઆઈ વી.એમ. દેસાઈના માર્ગદર્શન હેઠળ શી ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે એવી બાતમી મળી હતી કે સીતારામ સોસાયટીમાં આવેલા ઘર નં-એબી/૩૧૯ તથા બી/૩૧૪ માં દિલીપસિંગ વરદીસિંગ રાજપૂત તથા સુરેસિંગ નાથુસિંગ ખરવડના ખાતાઓ ઉપર બાળશ્રમિકોને રાખી તેમની પાસેથી મજૂરી કરાવવામાં આવી રહી હતી, જેથી પોલીસ દ્વારા રેઈડ કરવામાં આવી હતી અને કુલ 6 બાળકોને કાળી મજૂરીની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે શહેરમાં મોટાભાગે જુદી જુદી કાપડ માર્કેટ, એમ્બ્રોઈડરી, જોબવર્ક સહિતના ખાતાઓમાં સગીરવયના બાળકોને કામ ઉપર રાખી તેમની પાસેથી વધારાના કલાકો કામ કરાવી તેમનું શોષણ કરવામાં આવતું હોય છે.

# પુણાગામના રત્નકલાકારને દાંતના દવાખાનામાં જ એટેક આવી ગયો

**સિંગણપોરમાં** માત્ર 29 વર્ષનો સિવિલ એન્જિનિયર ઘરમાં બેભાન થઇ ગયા બાદ મોત

સુરત : શહેરમાં બેભાન થઈ ગયા બાદ મોતના બે બનાવમાં સિંગણપોર ખાતે રહેતા સિવિલ એન્જિનિયરનું બેભાન થઈ ગયા બાદ મોત નીપજ્યું હતું. જ્યારે વરાછા ખાતે રહેતા યુવાનનું દાંતના દવાખાનામાં બેભાન થઈ ગયા બાદ મોત નિપજ્યું હતું.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ અમરેલી સાવરકુંડલાના વતની અને હાલમાં સિંગણપોર ખાતે આવેલી દેવ રેસિડેન્સીમાં રહેતા 29 વર્ષીય ચિરાગ ગોવર્ધન પરમાર સિવિલ એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા. તેમના પરિવારમાં પત્ની અને એક પુત્ર છે. ચિરાગભાઈ રવિવારે ઘરે અચાનક એકાએક બેભાન થઈ ઢળી પડ્યા હતા. જેથી પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વધુ તપાસ સિંગણપોર પોલીસ કરી રહી છે.